Adm. Off. : 317-318, Pushpam, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.<br>
Phone : 91-79-26932662, 63, 64<br>
Fax : 91-79-26932665, (R) 26932733/34<br>
E-mail : navinjshah@gmai.com

**SHAH ASSOCIATES**

DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES

ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421

Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad<br>
Ph. : (079) 27558672<br>
E-mail : shahpapers&foils@hotmail.com<br>
shahpapers&foils@gmail.com<br>
Phone : (R) (079) 26931040 / 41

**JIVANSATHI.NET**

**મેરેજ બ્યુરો**

લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે

**માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી**

**સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ**

એ-૯, તીર્થદેવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.

**Mobile : 98 25 19 19 25**<br>
E-mail : info@jivansathi.net<br>
Website : www.jivansathi.net




સાંભળવા કરતાં વધારે ઘોલન-ઘૂટણનો ભાવ રાખો. શ્રદ્ધા વગર ધર્મ આરાધના કરવાથી પૂણ્યબંધ થાય, પણ કર્મનિર્જરા ન થાય.

## આવું શા માટે ?

એટલે, હવે પછી જ્યારે મુડ સારો ન હોય, ત્યારે ઘરમાંની બધી વસ્તુઓને શાંતિથી નીરખવી અને પછી વિચારવું કે આ વસ્તુ જો મારી પાસે ન હોય તો કેટલી તકલીફ પડે ?

કડકડતી ઠંડીમાં એક અત્યંત ગરીબ માતા પોતાનાં બાળકોના શરીર પર છાપાં પાછરી એના પર ઘાસ 'ઓઢાડી'ને સૂવડાવી રહી હતી, ત્યારે એના ટેણિયા દીકરાએ ભાઈને પૂછ્યું, 'હેં ભાઈ ? જે લોકો પાસે છાપાં અને ઘાસ નહીં હોય એમની કેવી ખરાબ હાલત થતી હશે ?'

આપણી પાસે ઘાસ અને છાપાંથી તો ઘણી સારી વસ્તુઓ ઘરમાં હોય છે, એટલે હવે ક્યારેક 'હું સુખી નથી... મારી પાસે આ નથી... મારી પાસે તે નથી... એવું લાગે ત્યારે એક નજર જે કંઈ આપણી પાસે છે તેના પર નાખી જોવી.'

જેમ કે, આવો સરસ મજાનો લેખ તમે વાંચી શકો છો, તેના પરથી આટલી બાબત સાબિત થાય છે -

૧. તમે ગરીબ નથી. (સમગ્ર વિશ્વમાં આશરે ૧૧૨ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે.)
૨. તમારી જાતને ઠંડી, ગરમી અને વરસાદ સામે રક્ષણ આપવા ।શરો છે જે વિશ્વમાં લગભગ ૧૩૦ કરોડ લોકો પાસે નથી.
૩. તમે શાંતિથી બેસીને વાંચી શકો છો, મતલબ કે તમે અત્યંત માંદા નથી. (દુનિયામાં કોઈ પણ સમયે આશરે ૧૨૦ કરોડ લોકો બિમાર હોય છે.)
૪. તમારી પાસે આટલો સારો મોબાઈલ છે જે દુનિયાના ૧૯૮ કરોડ લોકો પાસે નથી.
૫. તમને પીવાનું પાણી ઘેર બેઠા મળી રહેતું હશે, જે વિશ્વમાં આશરે ૧૮૦ કરોડ લોકોને નથી મળતું.
૬. તમારા ઘેર વીજળી હશે. (મોબાઈલ ચાર્જિંગ તો જ થતું હોય ને) જે જગતના ૧૮ કરોડ ઘરમાં નથી.
૭. તમે મોજથી જીવવાવાળા વ્યક્તિ છો, એટલે જ તો મોજથી સુતા છો. અને જો બેઠા હશો તો પગ ઉપર પગ ચડાવીને બેઠા હશો. આવી નિરાંત દુનિયાના અનેક કરોડપતિ પાસે પણ નથી.
૮. આજ સવારે તમે ફઠ્યા ત્યારે વિશ્વના ૮૮,૪૦૦ લોકો પોતાની ઊંઘમાં જ મૃત્યુ પામ્યા. આવું દરરોજ બને છે.
૯. તમે આ બધું વાંચી શક્યા. મતલબ કે તમને લખતાં વાંચતા આવડે છે માટે તમે આ વિશ્વના ૧૪૦ કરોડ નિરક્ષર લોકો કરતા નસીબદાર છો જેઓને વાંચતા આવડતું નથી.

ઔર જીને દો ક્યા ચાહિયે ?

આટલો મસ્ત લેખ તમે અત્યારે વાંચી રહ્યા છો, તો પછી છોડો ફરિયાદો અને આભાર માનો ઈશ્વરનો, નસીબનો, પુરુષાર્થનો કે જીવન મસ્ત છે. સવારે ઊઠીને આપણો પ્રથમ શબ્દ કયો હોવો જોઈએ ખબર છે ? Thank you, God.

ગમે તો આ સુખ બીજા સાથે વહેંચશો, મજા આવશે.

## પોતાની ઓળખાણ

'તમે જીવનમાં જે વર્ષો વિતાવ્યા હોય છે તેથી તમે ઘરડા થતા નથી, તમે જ્યારે પ્રગતિ કરતા અટકી જાઓ છો ત્યારે તમે ઘરડા થાઓ છો.'

'તમને જ્યારે લાગે છે કે તમારે જે કરવાનું હતું તે તમે કરી લીધું છે, તમે જ્યારે એમ વિચારો છો કે તમારે જે ખરેખર જાણવાની જરૂર હતી તે તમે જાણી લીધું છે, તમને જ્યારે એમ થાય કે તમે જીવનમાં પૂરતું કામ કરી લીધું છે અને તમે હવે બેસી જઈને તમારી મહેનતનાં ફળોનો આનંદ લેવા માગો છો, ત્યારે તરત જ તમે ઘરડા થઈ જાઓ છો અને ક્ષીણ થવા લાગો છો.'

'આથી ઊલટું, તમને જ્યારે એમ ખાતરી થઈ જાય છે કે તમે જે જાણો છો તે, હજી જાણવાનું બાકી છે તેની સરખામણીમાં કાંઈ જ નથી, તમને લાગે છે કે તમે જે કાંઈ કર્યું છે તે હજી કરવાનું બાકી છે તેનું માત્ર આરંભબિંદુ છે, તમને જ્યારે ભવિષ્યકાળ તે હજી સિદ્ધ કરવાની શક્યતાઓ વડે ચળકતા એક આકર્ષક સૂર્ય જેવો લાગે છે ત્યારે તમે, પૃથ્વી ઉપર ભલે ગમે તેટલા વર્ષો વિતાવ્યાં હોય તો પણ, યુવાન હો છો, આવતીકાલના સર્વ સાક્ષાત્કારોથી યુવાને અને સમૃદ્ધ હો છો.'

'અને તમે જો તમારું શરીર નકામું થઈ જાય એમ ન ઈચ્છતા હો, તો તમારી શક્તિઓને અર્થ વિનાની ઉશ્કેરણીમાં બગાડશો નહિ. તમે જે કાંઈ કરો તે એક શાંત અને સ્વસ્થ ભાવથી કરો. સૌથી મહાન શક્તિ શાંતિ અને મૌનમાં રહેલી છે.' - માતાજી


JAYESH SHAH
(ESTATE BROKER)
+91 99740 89640
+91 98250 13076
SEC
RERA REGISTERED
SHAH ESTATE CONSULTANT
A.E.B.A. (Member) GREAC (Member) CREBIA (Member)
Residential & Commercial Property
Rent | Sale | Purchase
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony,
Vijaynagar, Naranpura, Ahmedabad - 380 013.
E-mail : jayeshshah1376@gmail.com

With Best Compliments From
Dhavalbhai Shah
NAVKAR ENTERPRISE
GODOWN NO. C-3, HIGHWAY ESTATE,
SANAND ROAD, SANAND,
AHMEDABAD - 382210
M. : 9377166466

હર્ષદભાઈ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
૧, વૃંદાવન બિલ્ડીંગ,
આઈ.ડી.બી.આઈ બેંક સામે,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોનઃ (O)27433686 (R)27483721
ફેન્સી સાડીઓ તથા ડ્રેસ મટીરીયલ...
Email: sarvoday3686@gmail.com




આપણી હાજરી કોઈને ભયભીત રૂપ નહીં પણ આનંદ રૂપ બનવી જોઈએ.

# આત્મ - ઓળખ માટેનું ઘરકામ

'કોઈ પણ ઉપદેશ આ જગતમાં નવો નથી, પણ જે મનુષ્ય કોઈ પણ બાબતને જીવનમાં ઉતારવા માગે છે તેને મન દરેક બાબત નવીન થઈ જાય છે.'

આ લખવાનું પ્રયોજન વાંચકોને બૌદ્ધિક, કસરત, મનોરંજન કે ક્ષણિક સંતોષ આપવાનું નથી, પણ જિવાતા જીવન તરફ ગંભીરતાની દૃષ્ટિ કેળવવાનું છે. આ અને અન્ય લેખો, સામાયિકો વાંચીએ, પ્રવચન-ચર્ચાઓ-ભજનો સાંભળીએ, ઔપચારિક વિધિઓ કરીએ, પણ જ્યાં સુધી આત્મખોજ ન કરીએ ત્યાં સુધી તેનો કશો અર્થ રહેતો નથી. જગતમાં કોઈ જ ઉપદેશ મૂળભૂત રીતે નવો નથી, પણ આપણે તે મુજબ જીવતા નથી તેથી આચરણની રીતે કોઈ પણ ઉપદેશ આપણા માટે નવો છે. આત્મ-ઓળખ અંગેના વિચારો પણ પોથીમાંના રીંગણા ન બને, પણ તે દિશામાં આપણે ગતિશીલ બનીએ તે માટે દરરોજ શું કરવું તે વિશે અહીં થોડા વિચારો રજુ કર્યા છે.

(૧) દરરોજ થોડો સમય એકાંતમાં રહીએ, એકલા ફરવા જઈએ કે એકલા થોડો સમય શાંતિથી બેસીએ.

(૨) જ્યાં સુધી જરૂર લાગે ત્યાં સુધી આપણા વિચારો, વાણી, વર્તનો વિશે રોજનીશી લખીએ. સતત જાગૃતિની સ્થિતિએ આવ્યા પછી તેવી રોજનીશી લખવાની જરૂર રહેશે નહિ.

(૩) આટલા પ્રશ્નો આપણી જાતને હમેશાં પૂછતાં રહીએ અને સારા નરસાનું લેબલ લગાડ્યા વિના 'જે છે' તેનું કોઈ હેતુ વિના તથા કોઈ વળ આપ્યા વિના પ્રત્યક્ષ, તત્કાળ નિરીક્ષણ કરીને તે પ્રશ્નોના ઉત્તરો પ્રામાણિક પણે મેળવતા રહીએ.

(અ) આપણે શું બોલીએ, વાંચીએ, જોઈએ, વિચારીએ, સાંભળીએ, કરીએ છીએ ?

(બ) આપણે જે કંઈ બોલીએ, વાંચીએ, જોઈએ, વિચારીએ, સાંભળીએ, કરીએ છીએ તે શા માટે ?

(ક) આપણાં વિચારો, વાણી, વર્તનનાં કયાં પરિણામો આવે છે ?

(૪) અનિવાર્ય ન હોય તો બીજાઓ વિશે બોલવાનું, જાણવાનું, પૂછવાનું, વિચારવાનું ટાળીએ.

(૫) જીવનમાં પ્રતિપળ ઊભા થતા પ્રત્યેક પડકારથી ભાગ્યા વિના તેની સામે ઊભા રહીએ, તેનું તે જ સમયે પૂરું નિરીક્ષણ કરીએ, તેને તે જ સમયે શાંત ચિત્તે સાંભળીએ, તો તેમાંથી જ પડકારને અનુરૂપ ક્રિયાનો તત્કાળ જન્મ થશે. પરિસ્થિતિ મુજબ નિર્ણયો લઈએ અને પરિસ્થિતિ બદલાતાં તેને પૂરી ઓળખીને ફરીથી નિર્ણયો લઈએ. ટેવોથી દોરવાયા વિના વાસ્તવિકતા મુજબ સતત નિર્ણયો લઈએ.

(૬) આપણામાં રહેલું તત્ત્વ, જે જુએ છે, સાંભળે છે, વાંચે છે, વિચારે છે, બોલે છે, કંઈ કરાવે છે, નિર્ણયો લે છે, તેને તપાસીએ જ નહિ, તે અજ્ઞાત રહે, તેમાં સ્વાર્થ અને તૃષ્ણાઓ ભરેલાં હોય, તો આપણી બધી જ પ્રવૃત્તિઓ ગેરમાર્ગે દોરાશે. આથી આપણું મન ખુલ્લું, ખાલી, સ્વચ્છ, સંવેદનશીલ, નિત્યનૂતન બને તે જોવું, તે માટે મનની બધી જ પ્રવૃત્તિઓ નિહાળ્યા કરવી.

(૭) સુખ શોધવા જતાં દુઃખની છટકબારીઓ જ શોધાય છે અને તેથી દુઃખ સદા ચાલુ જ રહે છે. માટે દુઃખ શાથી છે તે આપણે જાતે જ શોધીને ઉકેલાવી શકીએ. અવલોકન અને સમજ વડે આપણે દુઃખનો ઉકેલ જાણી શકીએ.

(૮) આપણામાં રહેલાં ક્રોધ, તૃષ્ણા, ઈર્ષ્યા, અશાંતિ વગેરે સાથે સંઘર્ષમાં ન ઊતરીએ કે તેના શરણે પણ ન જઈએ, તે બધા આપણી મનોવૈજ્ઞાનિક બીમારીનાં ચિહ્નો છે, કારણો નહિ. તેમનું કારણ તો એક જ છે, જે છે આપણી અંદરનો અહંકાર (અજ્ઞાન). સ્વજ્ઞાન વડે તેનો સ્વયં અને સામટો અંત આવી જાય છે. આથી આપણે સતત આપણી આંતરિક અને બાહ્ય ગેરવ્યવસ્થા જોયા કરીએ. ગેરવ્યવસ્થા જોતાંવેત વ્યવસ્થા માટે પ્રયત્નશીલ થવાશે.

(૯) ખોરાક, પાણી, આરામ, શ્રમ, નિંદ્રા આપણા શરીરને કેવાં-કેટલાંક-ક્યારે જોઈએ છે તે મનના પ્રક્ષેપોને વીંધીને સતત જાણતા રહીને તેને અનુરૂપ વર્તીએ. શરીર આપણી આજીવન થાપણ છે તે ન ભૂલીએ. તેને થાક ન લડાવીએ કે તેની ઉપેક્ષા પણ ન કરીએ.

(૧૦) દરરોજ આપણે થોડા સમય એવું વાંચીએ, સાંભળીએ, જોઈએ, વિચારીએ જે આપણા અંધકાર અને ગૂંચવાડાઓ પર પ્રકાશ ફેંકીને નવી કેડી ચીંધે. માતાજીના શબ્દોમાં, 'જીવનમાં મહાન તત્ત્વની પ્રાપ્તિ માટેનો મહાસંકલ્પરૂપી મહાગરુડ આપણા સર્વ વિચારો, વાણી, વર્તનો પર પોતાનો પડછાયો પાથરતો, સદાય ચક્કર લગાવતો રહેવો જોઈએ.' આમ જિજ્ઞાસાની જ્યોત સતત સળગતી રાખીએ, તે માટે શંકાઓનું તેલ સતત પૂરતા રહીએ.

(૧૧) જીવન ખૂબ જટિલ છે, અજ્ઞાન તથા બેદરકારીને કારણે આપણે એવી સ્થિતિમાં જીવીએ છીએ જ્યાંથી કોઈ પણ પ્રયાસ કર્યા પછીય ખબર પડતી નથી કે આપણે તે પ્રયાસ યોગ્ય દિશામાં કરી રહ્યા છીએ કે નહિ. તેવી મૂંઝવણ થાય ત્યારે શ્રી કૃષ્ણપ્રેમના શબ્દો યાદ કરીએ... 'પ્રગતિની નિશાની શી ? હા, તમારી જાતને પ્રશ્ન પૂછો, કે તમારા રાગ અને દ્વેષના આવેગો વધે છે કે ઘટે છે, પહેલાં જે વસ્તુઓ તમને જેટલી પ્રકોપિત કરતી હતી તે હજુ પણ એ જ માત્રામાં કરે છે ? અર્થાત્, તૃષ્ણાનું બળ તમારામાં વધતું જાય છે કે ઓછું થતું જાય છે ? કારણ કે જ્યાં કામ છે ત્યાં રામ હોતા નથી અને જ્યાં રામ છે ત્યાં કામ હોતો નથી.'

'અહંકારી વ્યક્તિ ગરીબમાં ગરીબ છે, તે સમસ્ત સ્રોતોથી પોતાને અલગ કરે છે. તે માત્ર પોતાના પર જ ભરોસો રાખે છે, તે એવું પુષ્પ છે જેણે ડાળીઓથી પોતાનો સંબંધ છોડી દીધો છે અને જેણે સૂરજ તરફ મોં ફેરવવામાં પણ અકડાઈ દેખાડી છે. વર્ષા આવે છે ત્યારે તે પોતાની પાંખડીઓ બંધ કરી લે છે, તે સડે છે, તેનું જીવન પરમ જીવનનો માર્ગ નહિ બને. જો ફૂલ સમર્પિત હશે તો તે પ્રફુલ્લિત બની જશે, કેમ કે તે ડાળીઓમાંથી, સૂર્યમાંથી, ચાંદ-તારાઓમાંથી રસ મેળવે છે. બધાં જ દ્વારોમાંથી તેને રોશની, પ્રકાશ અને જીવન મળ્યા કરે છે.'

- રજનીશજી



રાગમાં રમવું ન હોય, દોષમાં દાઝવું ન હોય, તો પૂર્વના સંયોગોને સંભારવા નહીં. (ભૂતકાળને યાદ કરવાનું છોડી દે).

# કોલેજમાં ભણ્યા વિના બિઝનેસ માસ્ટર બની શકાય
# ભણતર કરતાં મહત્વનું ગણતર

ઉચ્ચ શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓ ડરપોક બની જાય છે.

મેનેજમેન્ટનો એક સ્ટુડન્ટ બેંગલોરના ચિકપેટમાં આવેલી રેડિમેડ કપડાંની એક દુકાનમાં ગયો. દુકાનમાં ભારે ભીડ હતી. દુકાનનો માલિક રાજસ્થાની યુવક હતો. બ્રહ્મદેવ દસમાં ધોરણમાં નાપાસ થયો ત્યારે તેના કાકા તેને બેંગલોર લઈ આવ્યા હતા. બે-ત્રણ વર્ષ કાકાની દુકાનમાં નોકરી કરીને તેણે પોતાની દુકાન શરૂ કરી હતી. બ્રહ્મદેવે મેનેજમેન્ટના સ્ટુડન્ટને કન્નડ ભાષામાં આવકાર આપ્યો. તેણે જોયું કે રાજસ્થાની બ્રહ્મદેવ બધા કન્નડ ગ્રાહકો સાથે અણિશુદ્ધ કન્નડ ભાષામાં જ વાત કરતો હતો.

વિદ્યાર્થીએ બ્રહ્મદેવને પૂછ્યું, તું કન્નડ ભાષા કેવી રીતે શીખ્યો ?

બ્રહ્મદેવ કહે, હું ગ્રાહકો સાથે વાત કરતાં કરતાં જ કન્નડ શીખી ગયો. શરૂઆતમાં મને બહુ મુશ્કેલી પડતી હતી, પણ હું ગ્રાહકો સાથે જેમ જેમ કન્નડમાં વાત કરતો ગયો તેમ મારું કન્નડ સુધરતું ગયું. કન્નડ ઉપરાંત હું મરાઠી, ગુજરાતી, હિન્દી, ઈંગ્લિશ, તામિલ, તેલુગુ અને મલયાલમ ભાષાઓ પણ બોલી શકું છું. આ બધી ભાષાઓ હું ગ્રાહકો પાસેથી જ શીખ્યો છું.

બ્રહ્મદેવ બાબતમાં વધુ જાણવાની સ્ટુડન્ટને ઇચ્છા થઈ. તેણે પૂછ્યું, તું કેટલાં વર્ષોથી રેડિમેડ ગાર્મેન્ટનો ધંધો કરે છે ? બ્રહ્મદેવ કહે, મને આ ધંધામાં દસ વર્ષ થયા છે. હું ૧૫ વર્ષનો હતો ત્યારે રાજસ્થાનથી આવ્યો હતો. અત્યારે મારી ઉંમર ૨૫ વર્ષની છે. આ ચિકપેટ વિસ્તારમાં તમને જેટલી કપડાંની દુકાનો જોવા મળે છે તે ચલાવતા મોટા ભાગના રાજસ્થાની યુવાનો કોલેજમાં ગયા નથી.

મેનેજમેન્ટના સ્ટુડન્ટને હવે બ્રહ્મદેવની ઈર્ષ્યા થવા લાગી હતી. તે પોતે ૨૧ વર્ષની ઉંમરે સ્નાતક થયો હતો. બે વર્ષ તેણે એમબીએ થવામાં ગાળ્યા હતા. તેને હજી ૧૦ હજાર રૂપિયાના પગારની નોકરી પણ નહોતી મળી. એટલે તે હવે કંપની સેક્રેટરીનો કોર્સ કરી રહ્યો હતો. તેણે બ્રહ્મદેવને કહ્યું, મારે ન પૂછવું જોઈએ, પણ મને જાણવાની ઇચ્છા છે કે તારી કમાણી કેટલી છે ?

બ્રહ્મદેવ કહે, તેનો આધાર સિઝન પર છે. સામાન્ય રીતે મારું માસિક ટર્નઓવર ૮-૯ લાખ રૂપિયા રહે છે, પણ તહેવારોમાં તે માસિક ૧૫ લાખ પર પહોંચી જાય છે. ઓફ્ફ સિઝનમાં હું મહિને ત્રણથી ચાર લાખ રૂપિયા કમાઉં છું, પણ સિઝનમાં મારી કમાણી સાતથી આઠ લાખ પર પહોંચે છે.

આ જવાબ સાંભળીને મેનેજમેન્ટના વિદ્યાર્થીને લગભગ ચક્કર આવી ગયા. વિદ્યાર્થીને વિચાર આવ્યો : શું બ્રહ્મદેવે કોલેજનું શિક્ષણ લીધું હોત તો તે પોતાનો કારકિર્દીમાં વધુ સફળ થયો હોત ?

તેણે બ્રહ્મદેવને જ પૂછ્યું, તને કોલેજનું શિક્ષણ પૂરું ન કરવાનો અફસોસ નથી ?

બ્રહ્મદેવે જે જવાબ આપ્યો તે આપણને વિચારતા કરી મૂકે તેવો છે. તે કહે, જો મારે મારું શિક્ષણ પૂરું કરવું હોત તો મેટ્રિક પછી બીજા પાંચ-છ વર્ષ ભણવું પડ્યું હોત. એટલો સમય મેં ધંધામાં આપ્યો તો હું આ સ્થાન પર પહોંચી ગયો છું. મારા જે મિત્રો સ્નાતક થયા છે તેઓ અત્યારે નોકરી શોધી રહ્યા છે.

વિદ્યાર્થીએ પૂછ્યું, તેમ છતાં તને નથી લાગતું કે તે ઉચ્ચ શિક્ષણ લીધું હોત તો તારો વધુ વિકાસ થયો હોત ? તું અત્યારે જેટલા રૂપિયા કમાય છે તેના કરતાં વધુ રૂપિયા કમાયો હોત ?

બ્રહ્મદેવ કહે, ના સર, મારો અનુભવ કહે છે કે આજનું શિક્ષણ લેનારા ડરપોક બની જાય છે. તેમનામાં સ્વતંત્ર ધંધો કરવાની હિંમત રહેતી નથી. તેઓ નોકરી જ શોધે છે. નોકરી મળે તો પણ તેઓ સતત ભય નીચે જીવે છે કે નોકરી ચાલી જશે તો શું થશે ?

આ દરમિયાન એક ગ્રાહક શર્ટ-પેન્ટની ૧૦ જોડી લઈને પેમેન્ટ કરવા આવ્યો. બ્રહ્મદેવે તેનું બિલ બનાવ્યું અને કેલ્ક્યુલેટરની મદદ વિના જ સરવાળો કરી તેમાંથી ૧૦ ટકા ડિસ્કાઉન્ટ બાદ કરી હિસાબ કરી નાખ્યો. આમ કરતાં તેને માંડ ૧૦ થી ૧૫ સેકન્ડ લાગી હતી.

વિદ્યાર્થી કહે, બોસ, તને તો કેલ્ક્યુલેટરની પણ જરૂર નથી પડતી ?

બ્રહ્મદેવ કહે, કેલ્ક્યુલેટરની જરૂર તો તમને ભણેલાને પડે છે. હું તો અભણ છું, માટે કેલ્ક્યુલેટર વગર જ હિસાબ કરું છું. જો હું ગણતરીમાં જરાય ભૂલ કરું તો મને નુકસાન જાય છે, માટે મારી ગણતરી સચોટ હોય છે. બ્રહ્મદેવ સાથેની મુલાકાત પછી વિદ્યાર્થીને જે બોધપાઠ મળ્યો તે જાણવા જેવો છે :

૧. કોલેજનાં શિક્ષણ વગર પણ બ્રહ્મદેવ જોબલેસ નથી. જ્યારે ડિસ્ટિન્કશન સાથે સ્નાતક થયેલા આપણા યુવાનો નોકરી શોધે છે અને નોકરી ન મળે તો હતાશ થઈ જાય છે.

૨. મેનેજમેન્ટનો કોર્સ કર્યા વિના પણ બ્રહ્મદેવમાં કોમ્યુનિકેશનની કુનેહ છે, જેને કારણે તે ધંધામાં સફળ થયો છે. મેનેજમેન્ટના સ્નાતકોમાં પણ આટલો કોમ્યુનિકેશન સ્કિલ હોતી નથી.

૩. કોલેજમાં ગયા વગર પણ બ્રહ્મદેવ મહિને લાખો રૂપિયા કમાય છે, જ્યારે આજના સ્નાતકો ફરિયાદ કરે છે કે તેમનો પગાર હપ્તાઓ ભરવામાં જ પૂરો થઈ જાય છે.

૪. ઉચ્ચ શિક્ષણ લીધા વિના પણ બ્રહ્મદેવનું મગજ ગણતરીમાં તેજસ્વી છે. બીજી બાજુ ગણિતના વિષય સાથે એન્જિનિયર થયેલા વિદ્યાર્થીઓ પણ કેલ્ક્યુલેટર વગર હિસાબ કરી શકતા નથી. હકીકતમાં તેમને પોતાના ગણિતનાં જ્ઞાન ઉપર વિશ્વાસ હોતો નથી.

૫. બ્રહ્મદેવ પાસે મેનેજમેન્ટની ડિગ્રી નથી, તો પણ તેને પોતાની રોજી ગુમાવવાનો ભય નથી. તેની સરખામણીએ મેનેજમેન્ટની ડિગ્રી ધરાવતા મોટી કંપનીઓના ટોચના ઓફિસરો પણ નોકરી ચાલી જવાના ભય હેઠળ જીવે છે, જેને કારણે તેઓ જાતજાતના માનસિક રોગોનો ભોગ બને છે.



કોઈ પણ ક્રિયા ફળ આપે જ. પણ તેની માંગણી ન કરો. મારે કાંઈ જ જોઈતું નથી. અપેક્ષા રહિતનું કોઈ પણ કામ કરો.

# ભગવાન પર ભરોસો

એક જૂની ઈમારતમાં વૈદજીનું મકાન હતું. પાછળના ભાગમાં રહેતા હતા અને આગળના ભાગમાં દવાખાનું ખોલી રાખ્યું હતું. તેમનાં પત્નીની આદત હતી કે દવાખાનું ખોલવાના પહેલા, તે દિવસના માટે આવશ્યક ચીજ-વસ્તુઓ એક ચિઠ્ઠીમાં લખીને દેતાં હતા. વૈદજી ગાદી પર બેસીને પહેલાં ભગવાનનું નામ લેતા પછી તે ચિઠ્ઠી ખોલતા.

પત્નીએ જે વસ્તુઓ લખી હોય તેના ભાવ જોતાં, પછી તેનો હિસાબ કરતાં. પછી પરમાત્માને પ્રાર્થના કરતા કે હે ભગવાન ! હું કેવળ તારાં જ આદેશના અનુસાર તારી ભક્તિ છોડીને અહીં દુનિયાદારીના ચક્કરમાં આવી બેઠો છું. તેઓ ક્યારેય પોતાના મુખેથી કોઈપણ દર્દીથી ફીસ ન્હોતાં માગતા. કોઈ દેતું હતું, કોઈ ન દેતું પરંતુ એક વાત નિશ્ચિત હતી કે જેવો જ તે દિવસનો આવશ્યક સામાન ખરીદવા પુરતા પૈસા આવી જાય, તેના પછી કોઈની પાસેથી દવાના પૈસા લેતા ન હતા ભલેને તે દર્દી કેટલો પણ ધનવાન કેમ ન હોય !

એક દિવસ વૈદજીએ દવાખાનું ખોલ્યું, ગાદી પર બેસીને પરમાત્માનું સ્મરણ કરીને પૈસાનો હિસાબ કરવાં આવશ્યક વસ્તુઓવાળી ચિઠ્ઠી ખોલીને એકીટસે જોતાં જ રહી ગયા. એકવાર તો તેમનું મન ભટકી ગયું. તેમને પોતાની આંખોના સામે તારા ચમકતા નજર આવ્યા પરંતુ શીઘ્ર જ તેમને પોતાની તંત્રિકાઓ પર નિયંત્રણ કરી લીધું. લોટ, દાળ-ચોખાના પછી પત્નીએ લખ્યું હતું. દિકરીના લગ્ન ૨૦ તારીખના છે, તેના દહેજનો સામાન. થોડી વાર માટે બાકીની ચીજોની કિંમત લખવાના બાદ દહેજના સામાનની સામે લખ્યું, આ કામ પરમાત્માનું છે, પરમાત્મા જાણે.

એક-બે દર્દી આવ્યા હતા. તેઓને વૈદજી દવા દઈ રહ્યા હતા. તે દરમ્યાન એક મોટી કાર તેમનાં દવાખાનાના સામે આવીને રોકાઈ. વૈદજીએ કોઈ ખાસ ધ્યાન આપ્યું કેમ કે ઘણા કારવાળા તેમની પાસે આવતા રહેતા હતા. બન્ને દર્દી દવા લઈને ચાલ્યા ગયા. તે સૂટેડ-બૂટેડ સાહેબ કારમાંથી બહાર નીકળ્યા અને નમસ્તે કરીને બેંચ પર બેસી ગયા. વૈદજીએ કહ્યું કે જો આપે દવા લેવાની છે તો અહીં સ્ટૂલ પર આવો જેથી નાડી જોઈ લઉં અને કોઈ બીજા માટે લઈ જવાની હોય તો બિમારીની સ્થિતિનું વર્ણન કરો.

તે સાહેબ કહેવા લાગ્યા, વૈદજી ! આપે મને ઓળખ્યો નહીં. મારું નામ કૃષ્ણલાલ છે. હાં... આપ મને ઓળખી પણ ક્યાંથી શકો ? કેમ કે ૧૫-૧૬ વરસ બાદ આપના દવાખાના પર આવ્યો છું. આપને પાછલી મુલાકાતના હાલ સંભળાવું છું, પછી આપને બધી વાત યાદ આવી જશે. જ્યારે હું પહેલી વાર અહીં આવ્યો હતો તો હું જાતે આવ્યો ન હતો પરંતુ ઈશ્વર આપની પાસે લઈ આવ્યો હતો કેમ કે ઈશ્વરે મારા પર કૃપા કરી હતી અને તે મારું ઘર હર્યુ-ભર્યુ કરવે ઇચ્છતો હતો. થયું એમ કે હું કારથી જઈ પિતરાઈના ઘરે રહ્યો હતો અને બિલકુલ આપના દવાખાનાની સામે અમારી કાર પંક્ચર થઈ ગઈ. ડ્રાઈવર વ્હીલ કાઢીને પંક્ચર કરાવવા લઈ ગયો. આપે જોયું કે ગરમીમાં કારની પાસે ઉભો હતો તો આપ મારી પાસે આવ્યા અને દવાખાનાની તરફ ઈશારો કર્યો કે ત્યાં છાયામાં ખુરશી પર બેસવાનું કીધું. હું આવીને ખુરશી પર બેસી ગયો. ડ્રાઈવરે કંઈક વધારે વાર લગાવી દીધી હતી.

એક નાની બેબી પણ ત્યાં મેજની પાસે ઉભી હતી અને ઘડીયે ઘડીયે કહી રહી હતી, ચાલો ને બાબા ! મને ભૂખ લાગી છે. આપ તેને કહી રહ્યા હતા કે બેટા ! થોડી ધીરજ ધરો, આવું છું. હું તે વિચાર કરી રહ્યો હતો કે આટલી વારથી હું આપની પાસે બેઠો હતો અને મારા જ કારણે આપ ખાવા પણ નથી જઈ રહ્યાં ! મારે કંઈક દવા ખરીદી લેવી જોઈએ જેથી આપની પાસે બેસવાનો ભાર ન લાગે. મેં કહ્યું, વૈદજી ! છેલ્લા ૫-૬ વરસથી ઈંગ્લેંડમાં રહીને કારોબાર કરી રહ્યો છું. ઈંગ્લેંડ જવાના પહેલા લગ્ન થઈ ગયા હતા પરંતુ હજી સુધી સંતાન સુખથી વંચિત છું. અહીંયા પણ ઈલાજ કરાવ્યો અને ત્યાં ઈંગ્લેંડમાં પણ પરંતુ કિસ્મતે નિરાશા સિવાય કાંઈ ન દીધું.

આપે કહ્યું હતું, મારા ભાઈ ! ભગવાનથી નિરાશ ન થાવ. યાદ રાખો કે તેના કોષમાં કોઈ ચીજની કમી નથી. આશ-ઓલાદ, ધન-ઈજ્જત, સુખ-દુઃખ બધું જ એના હાથમાં છે. એ કોઈ વૈદ કે ડોક્ટરના હાથમાં નથી હોતું અને ન તો કોઈ દવામાં હોય છે. જે કાંઈ થવાનું હોય છે તે બધું ભગવાનના આદેશથી થાય છે. ઓલાદ દેવી છે તો તે જ દેવાના છે. મને યાદ છે આપ વાતો કરતા જઈ રહ્યાં હતા અને સાથે પડીકીઓ બનાવતા પણ જઈ રહ્યા હતા. બધી દવા આપે બે ભાગોમાં વિભાજિત કરીને બે લિફાફામાં નાખી હતી અને પછી મને પૂછીને એક લિફાફા પર મારું નામ અને બીજા પર મારી પત્નીનું નામ લખીને દવાનો ઉપયોગ કરવાની રીત કહી હતી.

મેં ત્યારે એમ જ તે દવા લઈ લીધી હતી કેમ કે હું ફક્ત થોડા પૈસા આપવા ઈચ્છતો હતો. પરંતુ જ્યારે દવા લઈ લીધા બાદ મેં પૈસા પૂછ્યા તો આપે કહ્યું હતું, કાંઈ લેવાનું નથી. પરંતુ મારો આગ્રહ કર્યો તો આપે કહ્યું હતું, આજનું ખાતું બંધ થઈ ગયું છે.

મેં કહ્યું, આપની વાત સમજમાં ન આવી ! તે દરમ્યાન એક માણસ ત્યાં આવ્યો, તેણે અમારી ચર્ચા સાંભળીને મને બતાવ્યું કે ખાતું બંધ થવાનો મતલબ એ છે કે આજના ઘરેલું ખર્ચના માટે જેટલી રાશી વૈદજીએ ભગવાન પાસે માંગી હતી તે ઈશ્વરે તેમને દઈ દીધી છે. અધિક પૈસા તેઓ નથી લઈ શકતા.

હું થોડો હેરાન થયો અને થોડો લજ્જિત પણ કે મારા વિચાર કેટલા નિમ્ન હતા અને એ સરલચિત્ત વૈદ કેટલા મહાન છે. મેં ઘર પર જઈ પત્નીને ઔષધિ દેખાડી અને બધી વાત કહી તો તેના મોંઢામાંથી શબ્દો નીકળ્યા, તે ઈન્સાન નહીં કોઈ દેવતા છે અને તેમની દીધેલી દવા જ અમારા મનની મુરાદ પૂરી કરવાનું કારણ બનશે. આજ અમારા ઘરમાં બે ફૂલ ખીલેલા છે. અમે પતિ-પત્ની હર સમય આપના માટે પ્રાર્થના કરતા રહીએ છીએ. આટલા વરસો સુધી કારોબારે ફુરસદ જ ન દીધી કે સ્વયં આવીને આપથી ધન્યવાદના બે શબ્દો કહી જતા. આટલા વરસો બાદ આજ ભારત આવ્યો છું અને કાર કેવળ અહીં જ રોકી છે.

વૈદજી ! અમારો પરિવાર ઈંગ્લેંડમાં સેટલ થઈ ચૂક્યો છે. કેવળ મારી એક વિધવા બહેન પોતાની દિકરીની સાથે ભારતમાં રહે છે અમારી ભાણેજના લગ્ન આ મહિનાની ૨૧ તારીખનાં થવાના છે ન જાણે કેમ જાણે જ્યારે જ્યારે અમારી ભાણેજના આણાંના માટે કોઈ સામાન ખરીદ કરતો તો મારી નજરના સામે આપની તે નાનકડી દિકરી પણ આવી જતી હતી અને હર વસ્તુ હું બમણી ખરીદી લેતો. હું આપના વિચારોને જાણતો હતો કે સંભવતઃ તે વસ્તુઓ ન લો પરંતુ મને લાગતું હતું કે મારી પોતાની સગી ભાણેજના સાથે જે ચહેરો હર વાર દેખાતો રહ્યો છે તે પણ મારી ભાણેજ જ છે. મને લાગતું હતું કે ઈશ્વરે આ ભાણેજના લગ્નના આણું ભરવાની જવાબદારી દીધી છે.

વૈદજીની આંખો આશ્ચર્યથી ખુલી રહી ગઈ અને બહુ ધીમા અવાજે બોલ્યા, કૃષ્ણલાલજી ! આપ જે કાંઈ કહી રહ્યા છો તે મારી સમજમાં નથી આવી રહ્યું કે ઈશ્વરની આ શું માયા છે. આપ મારી શ્રીમતીના હાથની ચિઠ્ઠી જુઓ ! અને વૈદજીએ ચિઠ્ઠી ખોલીને કૃષ્ણલાલજીને પકડાવી દીધી. ત્યાં ઉપસ્થિત બધાએ જોઈને હેરાન રહી ગયા કે 'દહેજનો સામાન'ના સામે લખ્યું હતું, 'આ કામ પરમાત્માનું છે, પરમાત્મા જાણે !' કાંપતી અવાજમાં વૈદજી બોલ્યા, કૃષ્ણલાલજી ! વિશ્વાસ કરજો કે આજ સુધી એવું થયું નથી કે પત્નીએ ચિઠ્ઠી પર આવશ્યકતા લખી હોય અને પરમાત્માએ તે જ દિવસે તેની વ્યવસ્થા ન કરી દીધી હોય ! આપની વાત સાંભળીને તો એવું લાગે છે કે કયા દિવસે મારી શ્રીમતી શું લખવાવાળી છે અન્યથા આપનાથી એટલા દિવસ પહેલા જ સામાન ખરીદવા આરંભ ન કરાવી દીધો હોત પરમાત્માએ!! વાહ પ્રભુ વાહ ! તું મહાન છે, તું દયાવાન છે !!! હું હેરાન છું કે તે પોતાનો રંગ કેવો કેવો દેખાડે છે !!!

વૈદજીએ આગળ કહ્યું, સવારે ઉઠીને ઊંઘમાંથી ઉઠાડવા બદલ પરમાત્માનો આભાર માનો, સાંજે સારો દિવસ પસાર થયાનો આભાર માનો, અને રાત્રે સૂતા સમયે તેનો આભાર માનો.

# ભા.ભૂ.શતાવધાની પંડિતરત્ન પૂ.શ્રી રત્નચંદ્રજી મ.સા.

- વિનુભાઈ શાહ (ચુડાવાળા)

ભારતભૂષણ, શતાવધાની, પ્રખર પ્રવચનકાર, પંડિતપત્ન મુનિશ્રી પૂ.રત્નચંદ્રજી મ.સા.ના વ્યાખ્યાનોનો સંગ્રહ 'રત્ન સુવાસિત વાણી'ના ત્રણ પુસ્તકો ભાગ-૧, ૨, ૩ રૂપે જે તે સમયે પ્રકાશિત થયેલ. તે પૈકી 'રત્ન સુવાસિત વાણી' ભાગ-૧ પુસ્તક સંવત-૨૦૦૯ (ઈ.સ.૧૯૫૩)માં એટલે કે આજથી ૬૭ વર્ષ પૂર્વે પ્રકાશિત થયેલ છે, તેના વિશે આજે વાત કરવાની છે. પુસ્તકના સંશોધક : શતાવધાની પં.રત્નમુનિશ્રી પૂ.પૂનમચંદ્રજી મ.સા. તથા સંપાદક - 'રત્ન જ્યોત'ના તંત્રીશ્રી 'સંજય' પોતે ઘણા જ વિદ્વાન અને સિદ્ધહસ્ત લેખક છે. પૂ.રત્નચંદ્રજી મ.સા.ના વ્યાખ્યાન સાંભળવાનો લ્હાવો આપણને મળ્યો નથી પરંતુ પુણ્યોદયે તે વ્યાખ્યાનો આજે અક્ષરદેહે પુસ્તકરૂપે વાંચવા મળે છે.

રાજકીય ક્ષેત્રે મહાત્મા ગાંધીનો પ્રાદુર્ભાવ અને ધાર્મિકક્ષેત્રે સદ્ગત શતાવધાની પૂ.રત્નચંદ્રજી મ.સા.નો અવતાર, આ બંને ઘટનાઓ સમસામયિક હોઈ ખરેખર જ એક બેમૂલ રત્નનું કામ કરી બતાવ્યું. પૂજ્યશ્રીએ સરસ્વતીનું આરાધન કર્યું અને સાધી. યાદશક્તિ આપણે ઘડીભર ન માની શકીએ એટલી હદે વિકસાવી. વ્રત, નિયમ, પૃથ્થકબાણ અને ચારિત્રને એમણે દુષ્કર ક્રિયાના ટાંકણાથી પાસાદાર જીવન બનાવ્યું. જનપદ વિહાર કરીને વ્યાખ્યાનો આપી ગામડાની પ્રજાને જાગૃત કરી. લખાણો લખી વિદ્વાનોને ખરી વિદ્યાનું ખરૂં મૂલ્ય સમજાવ્યું. સંશોધનાત્મક લેખો લખી આડી અવળી અડબંગ વાતોને યથોચિત સ્વરૂપે નીરૂપી, જૈન ધર્મ અને સંસ્કૃતિ ઉપર કુહાડાના ઘા કરનાર અજૈન વર્ગની અને આક્ષેપ કરનાર ધર્મ ઝનૂમનીઓની આંખો ઉઘાડી. નવું જાણવાની, નવું આરંભવાની અને જ્ઞાનરાશિને વધાર્યે જવાની એમની ઈચ્છા અદમ્ય હતી. આગમોની બત્રિશીમાંથી ભગીરથ પ્રયત્ન કરી એકઠો કરેલ શબ્દ સંગ્રહ, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, પ્રાકૃત અને અંગ્રેજી અર્થ સાથે અળતરણો તથા રેફરન્સની નોંધ સાથે સમલંકૃત કરી એક અજોડ શબ્દકોષ જે અનેક દૃષ્ટિએ અનોખો અને અજોડ છે કે, જેના ઉપર પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ પ્રશંસાના પુષ્પો વર્ષાવ્યા છે. અર્ધમાગધી ભાષાનું પાણિની ઢબે વ્યાકરણ રચી, પ્રાકૃત ભાષાના એ પાણિની કહેવાયા. 'ભાવના શતક' જેવું પુસ્તક આપી જૈન સમાજના એ ભર્તૃહરિ બન્યા. 'કર્તવ્ય કૌમુદી' દ્વારા જૈન જગતને પોતાના કર્તવ્યથી દિશા બતાવી. 'રેવતીદાન-સમાલોચના' જેવા ગંભીર,મનનપૂર્ણ લેખો દ્વારા સંશોધકોની આંખો ઉઘાડી પોતાની પ્રકાંડ વિદ્વતાના અને તિક્ષણ તર્કશક્તિનો ખ્યાલ આપ્યો. કોષકાર તરીકે તો તેઓશ્રીની જે નામના છે તે તો અજોડ છે.

'રત્ન સુવાસિત વાણી' ભાગ-૧ પુસ્તકમાં તેઓશ્રીએ આપેલા આઠ (૮) પ્રવચનોનું વિસ્તારથી વિવરણ છે. જેમાં ૧લું પ્રવચન 'શ્રી વીરવાણી - તેનું સર્વોચ્ચપણું અને પ્રભાવ', ૨જું 'ક્ષમણોપાસક, તેનું લક્ષણ, વ્યાખ્યાન, વ્યાખ્યાન અને કર્તવ્ય' અને ધર્મના ચાર પાયા દાન, અભયદાન - અહિંસા - સંયમ અને તપ વિષે) ૩જું 'દાનનો મહિમા', ૪થું 'અભયદાન અને અહિંસા', પાંચમું 'સંયમ', છઠ્ઠું 'તપ', ૭મું 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' અને ૮મું પ્રવચન 'જીવન સાફલ્ય શેમાં રહેલું છે.' આ આઠેય વિષય ઉપર પૂ.શ્રી રત્નચંદ્રજી મ.સા.એ ૧૪૪ પૃષ્ઠિનાં પુસ્તકમાં ખૂબ જ કુશળતાથી વાકપ્રવાહ વહેવડાવ્યો છે. એ પુનિત પાવન પ્રવાહમાં ન્હાઈ આપણે પણ પાવન થઈ શકીએ એવો નિર્મળ પ્રવાહ છે. અંગ્રેજીમાં કહેવત છે કે 'Surely that preaching which comes from the soul most works - on tthe soul.' અર્થાત્ આત્મપ્રદેશમાંથી સીધી જે વાણી (ભગવાનની વાણી) નીકળે છે તે વાણી જ આત્માને (બીજાને) વધારેમાં વધારે સ્પર્શી શકે છે. પ્રભુની વાણીમાં એટલું બધું ચૈતન્ય અને એટલા બધા ગુણો રહેલા છે કે જેના વિશે - 'મહાવીરની કૈવલ્યભૂમિ' પર લખતા શ્રી કાકા કાલેલકર લખે છે કે - 'અઢી હજાર વર્ષ પૂર્વે થઈ ગયેલા આ મહાત્માને (શ્રી મહાવીર પ્રભુને) ચરણે જ્યારે જગત પડશે ત્યારે જ તેને પરમ શાંતિ સાંપડશે.'

પ્રભુની વાણીનું દરેક વિષય ઉપર પૂ.શ્રી રત્નચંદ્રજી મ.સા. રહસ્ય સમજાવતાં શું બોધે છે, તે વિગતવાર હવે પછી વિ.સં. ૧૯૫૩માં જેઠ સુદ-૩, ગુરુવારના રોજ ૧૭ વર્ષની ઉંમરના શ્રી રાયશીભાઈ દીક્ષા ગ્રહણ કરી પૂ.શ્રી રત્નચંદ્રજી મ.સા. બન્યા અને વિ.સં.૧૯૯૭ - વૈશાખ વદમાં તા. ૧૬-૫-૧૯૪૧માં શુક્રવારે વહેલી સવારે ૪-૫૦ મિનિટે પૂ.શ્રી રત્નચંદ્રજી મ.સા.એ આ નશ્વરદેહનો ત્યાગ કરી ઉચ્ચગતિ પામ્યા.

તા.ક. : *'જીવતાં જો આવડે તો જાહોજલાલી જિંદગી,*
*જીવતાં ન આવડે તો પાયમાલી જિંદગી,*
*આવડે તો શોધ એમાંથી, તને મળશે ઘણું,*
*છે ઘણા જન્મોથી આ તો ગોઠવેલી જિંદગી.'*

## દાદાના દંપતિને આશીર્વાદ

લગ્ન એ સંસ્કાર છે. એમાં પ્રેમ, પવિત્રતા અને ત્યાગનું પ્રાધાન્ય છે. લગ્નમાં સુખ મેળવવા કરતાં સુખ આપવાનો વિચાર રહેલો છે. એટલે જેની સાથે લગ્નગ્રંથિથી જોડાઈએ, એની પાસેથી સુખ મળશે એવી આશા રાખ્યા વગર હું એને સુખી કરીશ એવી ભાવનાથી લગ્ન કરવું જોઈએ. આમ થાય તો કદી દુઃખ ભોગવવાનો વારો આવે નહીં.

લગ્ન એટલે જ્ઞાનપૂર્વક શુદ્ધ પ્રેમનું સમર્પણ, તમે એકબીજાની શાંતિ માટે તમારું સર્વસ્વ અર્પણ કરજો. તમારા શરીર જુદાં દેખાવા છતાં એક જ હોય. જુદી જુદી નદીઓનાં પાણી ભેગાં થાય છે ત્યારે ઓળખાતાં નથી તેમ તમારાં કાર્યો જુદાં છે એમ તમને પણ ન દેખાય એ રીતે વર્તજો.

તમારું એકેએક કાર્ય સાથે વિચારેલું અને સુખદુઃખ જ્ઞાનપૂર્વક ભોગવેલું હોવું જોઈએ. સંજોગોવશાત્, જે સ્થિતિ પ્રાપ્ત થાય તેમાં રસપૂર્વક સાથે રહેતાં શીખજો. સુખ માટે બહાર ફાંફાં નહીં મારતાં અંદર જ શોધજો. અને આવતી આપત્તિ ટાળવા નૈતિક દૃષ્ટિએ પુરુષાર્થ કરજો.

સત્કાર્યો અને સજ્જનોનો સહવાસ શોધજો. એ હંમેશા સુખકર નીવડે છે. શુદ્ધ શારીરિક શ્રમ સાથે જીવનવહેવાર કરકસરથી કરતાં જરૂરિયાત ઘટે છે. ઓછી જરૂરિયાતો જ જીવનમાં શાંતિ આપે છે.

ધનની લાલસા વધારશો નહીં છતાં પુરુષાર્થ કરવામાં પ્રમાદ ન સેવશો. હસતે મોઢે મર્દાઈથી જીવજો. જીવનમાં ગૂંચ પડે તો ઉકેલજો, તોડશો નહીં. તૂટેલી ગૂંચ કદાચ સંધાય ખરી પણ વચ્ચે ગાંઠ રહી જાય છે.

આજનો આ પવિત્ર દિવસ યાદ રાખી શુદ્ધ પ્રેમની મૂડી વધારજો. સાંસારિક ભોગો ભોગવવામાં સંયમ સેવજો.

પ્રભુ તમારાં શુભ કાર્યમાં રસ પૂરો. - રવિશંકર મહારાજ

# ક્રોધ અનુબંધ નિવારક ઉપાય-૩

'મિત' એટલે મીતકારી. ઓછું બોલવું, જૈન સાધુઓ સામાન્ય રીતે ભવિષ્યવાણી કરતાં નથી. એક જ્ઞાની સાધુ એક સ્ત્રીને ત્યાં ભિક્ષા માટે ગયા. ભોળા ભાવે સ્ત્રીએ પૂછ્યું, મારા પતિ બહારગામથી ક્યારે આવશે ?

જ્ઞાની સાધુને પોતાનું જ્ઞાન બતાવવાનો અહં જાગ્યો અને કહ્યું આજે સાંજે જ આવશે. પત્ની તો સોળ શણગાર સજીને તૈયાર થઈને બેઠી, પતિદેવ ઘરે આવ્યા તો એને શંકા થઈ કે પત્નીને તો ખબર નથી કે હું આવવાનો છું તો તેણે શણગાર કોના માટે સજ્યા હશે ? પત્નીએ મહારાજનું નામ આપ્યું અને ભવિષ્યકથનની વાત કરી. પોતાની શંકાનું સમાધાન કરવા અને જ્ઞાની મહાત્માના જ્ઞાનની પરીક્ષા કરવા એક સગર્ભા ઘોડીને લઈ ઘોડીના પેટમાં શું છે તેમ મહારાજને પૂછ્યું ? મહારાજે કહ્યું, આમાં જોડકું છે. ઘોડાના બે બચ્ચા છે. પતિદેવે તલવાર કાઢી ઘોડીનું પેટ ચીરી નાખ્યું. અંદરથી બે જીવ નીકળ્યા અને તરફડીને ત્રણેય મોતને ભેટ્યા. આ ત્રણ જીવોનાં મૃત્યુના સમાચાર સાંભળીએ પત્નીએ ઝેર ઘોળ્યું અને મહાત્માએ અનશન કર્યું. મહારાજ ઓછું બોલ્યા હોત તો પાંચ જીવ બચી જાત. દ્રૌપદી માત્ર એટલું બોલી કે આંધળાના દીકરા આંધળા જ હોય અને આખું મહાભારત સર્જાઈ ગયું.

ત્રીજો ગુણ છે પ્રિયં. પ્રિય બોલવું જોઈએ, મધુકર બોલવું જોઈએ. બહેનોએ ઘરમાં સ્વર્ગ ઊતારવું હોય તો એમણે બે ગુણો કેળવવાની ખૂબ જરૂર છે. સહન કરવું અને મૌન રહેવું. સહન કરે તે 'સાધુ' અને મૌન રહે તે 'મુનિ.' સામે પક્ષે પુરુષોએ પણ પત્નીને ઘરની લક્ષ્મી જ માનવી જોઈએ. તેનું યોગ્ય સન્માન કરવું જોઈએ. 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, તત્ર રમ્યન્તે દેવતાઃ' જ્યાં નારીની પૂજા થાય છે એ ઘરમાં દેવતાઓનો વાસ થાય છે. સ્ત્રીઓએ પણ પોતાના પતિને પરમેશ્વર માનીને આખા ઘરનો પ્રેમ રસોડા દ્વારા જીતી લેવો જોઈએ.

લોકોએ પોતાની ભાષા ટેલિગ્રાફિક (ટૂંકી અને મધુર) બનાવવી જોઈએ. અસ્થાને અયોગ્ય વાણી ઘણા અનર્થોને આવકારતો હોય છે.

એક રાજાને સવારમાં સ્વપ્ન આવ્યું કે એના બત્રીસે દાંત તૂટી ગયા છે. તેમણે જ્યોતિષને બોલાવી પૂછ્યું, મારા આ સ્વપ્નનું ફળ કહો. જ્યોતિષીએ કહ્યું, રાજન, તમારું મોત બહુ જલદી છે. રાજા ધુંઆપુંઆ થઈ ગયો કે તું મારા મોતની વાત કરે છે ? ચડાવો આને ફાંસીના માંચડે. બીજા જ્યોતિષીને બોલાવવામાં આવ્યા એણે લીંબુ (લેમન)ની ભાષા નહીં પણ લેમોનેડની (લીંબુના પાણીની) ભાષા વાપરી. રાજન ! આપનું આયુષ્ય એટલું લાંબુ છે કે આપના ઘરના કોઈપણ સભ્યનું મોત જોવાનો આપને વારો નહીં આવે. રાજાએ આ જ્યોતિષને માલામાલ કરી દીધો. વાત એકની એક પણ મધુરતા કેવી સુંદર !!

શબ્દ સળગાવી પણ દે અને શણગારી પણ દે. વાણીમાં આગ પણ છે અને બાગ પણ છે. પસંદગી આપણા હાથમાં છે. એ જ પ્રમાણે વાણી અને ભોજન સ્નિગ્ધ અને મિષ્ટ હોવા જોઈએ.

ક્રોધને આપણાથી દૂર રાખવા આપણે વિચારવું જોઈએ કે જગતના સર્વ જીવો મારા ઉપકારી છે, જે મને અનુકૂળ છે એ દ્રવ્યથી ઉપકારી છે. જે મને પ્રતિકૂળ છે તે ભાવથી ઉપકારી છે. તે મને સહન કરવાની તક આપે છે અને મારા કર્મક્ષયમાં નિમિત્ત બને છે. સાથે સળગતા અંગારાની પાઘડી પહેરાવનાર સસરાનો ગજસુકુમાર આભાર માને છે. આવો કર્મ ખપાવવાનો અવસર ક્યારે પ્રાપ્ત થાય. તપસ્વીમુનિઓ સંવત્સરીને દિવસે ભાત ખાનાર કુરગડ્મુનિના પાત્રામાં થૂંક્યા. કોરા ભાતમાં ઘી પડ્યું એમ સમજી કુરગડ્મુનિ તે ભાત ખાઈ ગયા અને કેવળજ્ઞાનથી પેટ ભરી લીધું.

ગાંધીજી ભારતથી ઈંગ્લેન્ડ જહાજમાં જઈ રહ્યા હતા. ત્યારે એક વિરોધીએ પાંચ પાના ભરી મસાલેદાર વિરોધનો પત્ર લખ્યો. પછી થોડીકવારે ધુંઆપુંઆ થતો આવ્યો ગાંધીજી પાસે અને પૂછ્યું આખા પત્રમાં તમને કંઈ ઉપયોગી ન લાગ્યું ? ગાંધીજીએ ડબ્બી ખોલી અને શાંતિથી એક ટાંચણી કાઢી અને બતાવી કે આ ઉપયોગી હતું તે રાખ્યું છે બાકી બધું ફાડી નાખ્યું છે. સુભાષચંદ્ર બોઝની સભામાં વિરોધીઓએ સભામાં એક જોડું ફેંક્યું. હાજર જવાબી સુભાષે માઈકમાં જાહેરાત કરી આ જોડાનું બીજું નાંખો તો જોડી થઈ જાય.

ગુસ્સે થવાથી કોઈના કામ સર્યા નથી, ઉપરથી કાયમને માટે એકબીજા માટે કડવાશના મૂળ નખાઈ જાય છે. લોહીમાં આવેલો ડાયાબીટીશ જેમ દૂર થતો નથી તેમ વંશવારસાગત ઉતરેલી કડવાશ ભવોભવ સુધી લંબાય છે. હોંશિયાર માણસો ક્યારેય પણ ગુસ્સે નથી થતા. તમે કેટલા જલદી ગુસ્સે થાવ છો એના ઉપર તમારી મહાનતાનો IQ નક્કી થઈ જાય છે. સામાન્ય રીતે ખોટા માણસો ક્રોધનો આશરો લેતા હોય છે. એક ઉંદરને માંકડ કરડ્યો. હવે આ ઉંદર માંકડને પાઠ ભણાવવા બિલાડા પાસે જાય તો ? ગુસ્સાને શરણે જનારે આ વાત ખૂબ શાંતિથી વિચારવા જેવી છે. કેદીને કોઈ જજ સજા કરે તો કેદી જજ ઉપર ગુસ્સે નથી કરતો. એ સમજે છે કે કાયદાએ સજા કરી છે. જજ ઉપર ગુસ્સો કરીને કંઈ ફાયદો નથી. તેમ આપણને કોઈ હેરાન કરે તો કર્મસત્તારૂપી કાયદાનો જ વિચાર કરવો જરૂરી છે. સજા કરનાર તો જજ જેવો છે તેનો વાંક કાઢીને શું કરવાનું ?

## માથું નીચું કેમ ?

એક ગામમાં કોઈ ગૃહસ્થે દાન આપવાનું કાર્ય શરૂ કર્યું હતું. ચોવીસે કલાક આ માણસની દાનશાળાના બારણા ખુલ્લા રહેતા હતા. ત્યાં નાતજાતનો, ધર્મસંપ્રદાયનો કે ઊંચનીચનો ભેદ હતો નહીં.

ગૃહસ્થ જાતે પોતાને હાથે લોકોને દાન આપવા તત્પર રહે. કોઈપણ માણસ દાન વિના પાછો ન ફરે એ વાતની તેઓ ખાસ કાળજી રાખતા.

લોકોએ તેની આ દાનવૃત્તિના ખૂબ વખાણ કરવા માંડ્યા.

એકવાર એક સ્નેહીજને ગૃહસ્થને પૂછ્યું, 'હું જોઉં છું કે, આપ લોકોને જે વેળા દાન આપો છો એ સમયે આપનું માથું હંમેશાં નીચું જ રહે છે. એમ માથું નીચું રાખવાનું શું કારણ છે ?'

ગૃહસ્થે કહ્યું, 'આ દાન તો ઈશ્વર જ કરે છે. હું તો માત્ર નિમિત્ત જ છું. પણ લોકો મને નિમિત્ત માનવાને બદલે મને જ સાચો દાનેશ્વરી માને છે. આથી મને ખૂબ શરમ આવે છે ને એ શરમને લીધે હું લોકોની સામે જોઈ શકતો નથી અને માથું નીચું રાખી તેમને આપવાનું હોય તે આપ્યા કરું છું.'

# AAYOG SURGICAL HOSPITAL

## Dr. Shail Sanghvi

M.B.B.S., M.S., F.M.A.S., F.I.C.S.

612, Swanik Arcade, Pragatinagar to K.K.Nagar Road, Nr. Vardan Tower, Nr. Arjun Homes, Naranpura, Ahmedabad-380 013. | Mobile : +91 96621 76179, +91 99243 64422 | E-mail : shailsanghvi83@yahoo.com

### LAPAROSCOPIC & GENERAL SURGEON
### લેપ્રોસ્કોપિક અને જનરલ સર્જન

**લેપ્રોસ્કોપિક - એન્ડોસ્કોપિક સર્જરી**

- એપેન્ડીકસ, પિતાશયની સર્જરી
- સારણગાંઠ - સર્જરી
- પેટના દર્દોનું એન્ડોસ્કોપિક નિદાન

**એન્ડોયુરોલોજી સર્જરી**

(દૂરબીનથી સારવાર) :
- કીડની, પેશાબની નળીની પથરીની દૂરબીનથી (વાઢ કાપ વગર) સારવાર
- પ્રોસ્ટેટની લેસરથી સર્જરી

**જનરલ સર્જરી**

- હરસ, મસા, ભંગદરની સ્ટેપલર (વાઢ કાપ વગર) તથા લેસરથી સર્જરી
- થાઈરોઈડ તથા ગળાની ગાંઠની સર્જરી
- સ્વાદુપિંડ, પેટના દર્દોની સારવાર
- લીવરના દર્દોની સારવાર

**કેન્સર સર્જરી**

- થાઈરોઈડ, બ્રેસ્ટ, પ્રોસ્ટેટ કેન્સરની સર્જરી
- આંતરડાં, પેટના તથા અન્ય કેન્સરની સર્જરી
- મોંઢાના તથા જડબાના કેન્સરની સર્જરી

**Attached with SAL, STERLING, CIMS, MEDI SURGE, SAVIOUR Medilink Hospital (Shymal Cross Road)**

**સમાજના સભ્યો માટે દર ગુરુવારે બપોરે ૧૨ થી ૨ તથા સાંજે ૫ થી ૭ ફ્રી**

A Complete Security & IT Solution Provider

## Infrasoul Techserve Pvt. Ltd.

Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com

HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat




**Associate Companies**

Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions

Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

## HAPPY 2 HELP CLUB

અમારું મિશન પોષક તત્વ છે.

એક મુલાકાત તમને તંદુરસ્ત જીવન આપી શકે છે.

**મયુરી દેસાઈ**
94276 26224

**વેલનેસ કોચ**

**નિરવ દેસાઈ**
99799 32624




(પરિણામનો આધાર વ્યક્તિની તાસીર પ્રમાણે બદલાય છે)

**અમારી સેવાઓ:**

- એનર્જી એન્ડ ફિટનેસ
- પાચન સ્વાસ્થ્ય
- રોગ પ્રતિકારક શક્તિ
- વજન ઘટાડવું / વધારવું
- બાળકોનું આરોગ્ય
- ચરબી ઘટાડવામાં મદદરૂપ
- સ્કીન હેલ્થ
- મસલ્સ વધારવા
- દવા વગર જીવન જીવવામાં મદદરૂપ
- સ્પોર્ટ્સ ન્યૂટ્રિશન (રમત પહેલા અને પછી)

એપોઈન્ટમેન્ટ લેવી ફરજિયાત રહેશે.

---

Milan Shah (Managing Director)
Cell: +91 92272 58500

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

## Webplus™© INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net

---

## DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy, S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames

- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing

- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**

# રત્નમ્ આંખની હોસ્પિટલ

ફેકો અને લેસર સેન્ટર

સોમવાર થી શનિવાર સમય :
સવારે ૧૧-૦૦ થી ૭-૩૦

૨૦૪, હાશ બિઝનેશ સેન્ટર, અંકુર સ્કૂલની પાસે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૨૬૬૪૨૩૪૭
Visit Us : www.ratnameyehospital.com



**ડો. જીમીત નરેન્દ્રકુમાર સંઘવી**

M.S. (Ophthal) D.O. આંખના સર્જન

**: ઉપલબ્ધ સુવિધાઓ :**

- ફેકો (Phaco) પદ્ધતિથી મોતિયાના ઓપરેશન (Micro Phaco)
- લેસર મશીનથી આંખના નંબર દૂર કરવાની સુવિધા (Lasik - Carl Zeiss MEL 80)
- કોન્ટેક્ટ લેન્સ ક્લિનીક
- ઝામર (Glaucoma)નું નિદાન, સારવાર તથા ઓપરેશન
- ત્રાંસી આંખ, વેલ, પરવાળાનું ઓપરેશન
- લેસરથી છારી (PCO) કાઢવાની સગવડ
- પડદાને લગતા રોગોનું નિદાન તથા સલાહ કેન્દ્ર
- કોમ્પ્યુટર મશીનથી આંખના નંબરની તપાસ
- આંખને લગતા તમામ રોગોનું નિદાન તથા સારવાર કેન્દ્ર

MEL 80
**World Best Laser Machine *is now available at* RATNAM EYE HOSPITAL**

**મહિનાના પ્રથમ શનિવારે ફક્ત સમાજના સભ્યો માટે મફત તપાસ તથા રાહત દરે સારવાર માટે એપોઈન્ટમેન્ટ લઈને આવવું.**



**DESIGNS AS YOU WANT**
Established Since 1998

## GAYATRI
WOODEN MOULDING MAKERS

Navkar®
PLYWOOD



Best Display in A'bd

**Wholesaler & Stockist of Plywood**
**Laminate, Venner, Border Patti & Imarati Wood**

**Contact Person**
Nilesh Doshi +91 9879010137
Snehal Doshi +91 9879791137
Shail Doshi +91 7228847020


**Gallery Address**
20/21/22 Amar Estate Nr. Super Bread, Anil Starch Road, Memco, Naroda, Ahmedabad 380025.

**Factory Address**
Survey No. 589, Village Ghamij, Zak to Bahiyal Road, Taluka Dehgam, Dist.Gandhinagar

www.gayatriwooden.com GayatriWoodenMouldingMakers

Since 1947 II Shree Mahaviray Namah II Where Relationship is beyond business

TOYS GAMES STUDENT ENTERPRISE SOFT TOYS SPORTS




746, Kharakuva Ni Pole, Nr. Calico Dome, Relief Road, Ahmedabad-8. M:- 9374001477, 9376180811, 7567919218

D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

Ph.:- 079 - 2658 5072 , 2658 5092

E-mail :- ddenterprise2007@rediffmail.com

-: DISTRIBUTOR :-
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Duke |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Sherry | Dare |
| Cool Babes | Curve T-shirts |
| One 8 Socks | Grey Leaf |

SAMANTAR
SALES AND SERVICES PVT. LTD.



# SAMANTAR SALES AND SERVICES PVT. LTD.

FF-7, Saransh Ambience, Opp. Pujan Flat, Nr. Jivraj Hospital, Vasna,
Ahmedabad - 380 007. Mobile : 9898031812
E-mail : info@samantarsalesservices.com • Web : www.samantarsalesservices.com

**HVAC SOLUTION PROVIDER FOR RESIDENTIAL / COMMERCIAL / FOOD / PHARMA / INDUSTRY**

Carrier TOSHIBA DAIKIN Panasonic MITSUBISHI GENERAL

સુખ છે "નીજ"માં સુખ નથી "પર"માં, સર્વ જીવો નીજ સુખ પામે.

જય જિનેન્દ્ર

# अरविंद सेल्स कोर्पोरेशन

હોલસેલ સ્ટેશનર્સ, ગિફ્ટ આર્ટિકલ્સ,
નવા વર્ષની ડાયરી, ટેલિફોન ડાયરી વગેરે

૧૩, કનક ચેમ્બર્સ, ચંદ્રવિલાસ હોટલ સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૪૩૪૪, ૨૫૩૫૨૬૮૩
મો. : ૯૮૨૫૦ ૧૧૫૦૩, ૯૮૨૪૪ ૧૧૫૦૨; (ઘર) ૨૬૬૫૦૮૬૩, ૨૬૪૦૯૨૩૨

**સખીદાસ પરિવારના જય જિનેન્દ્ર**

Where Health Thrives
Satva
Physiotherapy & Yoga Centre

**ડૉ. નિસર્ગ કોઠારી | 8141402029**
(M.P.T. કાર્ડિયોપલ્મોનરી)
ભૂતપૂર્વ ફિઝિયોથેરાપીસ્ટ સ્ટર્લીંગ અને શેલ્બી હોસ્પીટલ

**ડૉ. શિવાની કોઠારી**
(B.P.T., DNHE)

**ઉપલબ્ધ સારવાર**
- ગરદન, ખભા, મણકા અને ઘૂંટણના દુ:ખાવાની અદ્યતન મશીન દ્વારા સારવાર.
- કોઇપણ ફ્રેક્ચર અને ફ્રેક્ચરના ઓપરેશન પછીની કસરતો
- થાપા અને ઘુંટણના પ્રત્યારોપણ પછીની કસરતો
- રમત-ગમત દ્વારા થતી ઇજાની સારવાર
- લકવો, સાયટીકા, બેલ્સ પાલ્સીની સારવાર
- પલ્મોનરી રીહેબીલીટેશન (શ્વાસને લગતી) ઓક્સીજન સાથે
- કાર્ડીયાક રીહેબીલીટેશન (હૃદયને લગતી)
- ડાયેટ કાઉન્સીલીંગ
- યોગા

જૈન સમાજના સભ્યો માટે રાહત દરે નિદાન તથા સારવાર.
સમય : સવારે ૯ થી ૧ કલાકે • સાંજે : ૪ થી ૮ કલાકે

૩૧૦, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ચાર રસ્તા પાસે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. ફોન નંબર ૦૭૯-૨૬૭૬૨૦૨૯




A Place Where People Trust
**RAJENDRA A.**
**JEWELLERS PVT. LTD.**
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M Valid up to 31-12-2020
ડિસેમ્બર-૨૦૨૦ પાના નં. ૪૮ R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2018-2020

## SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

## અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

### KD HOSPITAL

Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2018-2020 Valid up to 31-12-2020

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી,